 ISSN: 2349-6002

# Importants Of Study

Drashti Bhaveshbhai Purohit[1], Nita L. Khunti[2]
[1]*Department Of Economics Dr. V.R. Godhaniya P.G. Center Porbandar.*
[2]*Guide*
*doi.org/10.64643/IJIRTV12I8-191476-459*

**-: - સારાંશ:**

**-: - અભ્યાસનું મહત્વ**:

1: નવી શિક્ષણનીતિ:

નવી શિક્ષણ નીતિ ની શરૂઆત 29 જુલાઈ 2020 માં અમલ કરવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓની અભ્યાસની પદ્ધતિ ને બદલીને નવી પદ્ધતિ લાગુ પાડી. જેમાં 5+3+3+4 શિક્ષણનું માળખું છે. નવી શિક્ષણનીતિમાં માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન જ નહીં પરંતુ વિદ્યાર્થીઓમાં રહેલી કલા અને કૌશલ્ય ને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

2: માતૃભાષાને પ્રાધાન્ય:

શિક્ષણ જગતમાં માતૃભાષાને આગવી ગણી છે. બાળકમાં ભય વગર અભ્યાસ કરવાની માનસિકતા વિકસે છે. માતૃભાષામાં બાળકોમાં સર્જનાત્મકતા અને તાર્કિક વિચાર વિકસે છે.

3: કૌશલ્ય આધારિત શિક્ષણ:

નવી શિક્ષણનીતિ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી કલા અને કૌશલ્ય, હસ્તકલાને પ્રોત્સાહન મળે છે. વિદ્યાર્થીઓને ઇન્ટરશીપ દ્વારા તે પોતાનું કામ જાતે કરતા શીખે છે. અભ્યાસ દરમ્યાન તેમણે વ્યવસાય કે ઉદ્યોગો સાથે જોડાણ થાય છે. આ નવી શિક્ષણ નીતિ ના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસની બાબતમાં સરળતા અનુભવે છે.

4: શિક્ષકોની ગુણવત્તા પર ભાર:

નવી શિક્ષણનીતિના કારણે શિક્ષકોને સતત તાલીમ આપવામાં આવે છે. શિક્ષકો દ્વારા વધુને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. નવી શિક્ષણનીતિના કારણે હવે શિક્ષક બનવા માટે 4 વર્ષિય B.ed ફરજિયાત ગણવામાં આવ્યું છે.

5: નવી શિક્ષણનીતિ દ્વારા વિદેશી સંકલન:

ભારતને વિદેશી યુનિવર્સિટી સાથે કેમ્પસ બાંધવાની મંજૂરી આપવામાં આવી. જેથી ભારતના વિદ્યાર્થીઓ વિદેશી શિક્ષણને સામાન્ય રીતે તેનો લાભ લઈ શકશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિદેશની સંસ્થાઓમાં અભ્યાસ પ્રાપ્તિ અને અધ્યયનનું અવસર મળશે. વિદેશી શિક્ષણનીતિ દ્વારા નવી ટેકનોલોજીની પ્રાપ્તિ થશે.

## વિષય પ્રવેશ

આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસ્તી હશે. ટીમલી ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક તક મેળવશે અને તે આપણા જ દેશમાં ભવિષ્યને નિર્ધારિત કરશે. સૌથી પહેલી શિક્ષણ નીતિ 1968 માં લાગુ પાડવામાં આવી હતી અને તેના ઉદેશ્યો શિક્ષણની બાબતમાં સમાનતા લાવી ત્યારબાદ રાષ્ટ્રીય એકતા જૂથ ઊભું કરવું. માતૃભાષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજી શિક્ષણ 1968 બા લાગુ પાડવામાં આવી. નવી

 ISSN: 2349-6002

શિક્ષણનીતિ અપનાવાથી ઘણા ફેરફારો થયા છે જેમાં વિદ્યાર્થીમાં વિચાર શક્તિ માં થતો વધારો અને સર્જનાત્મકતામાં વધારો જોવા મળે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ભારત સરકાર દ્વારા 29 જુલાઈ 2020 માં અમલ કરવામાં આવી હતી. નીતિના ફેરફાર દ્વારા સાંસ્કૃતિક તથા માતૃભાષા ની પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ દ્વારા જે પુસ્તકીય જ્ઞાનના બદલે તેમાં નવીનતા લાવી અને તેના દ્વારા ઇન્ટરશીપ કરાવવામાં આવે જેથી વિદ્યાર્થી પોતે પોતાનું કામ જાતે કરતા થાય છે. વિદ્યાર્થીના શિક્ષણમાં મહત્વનો ભાગ વાલીઓ અને શિક્ષકોનો રહે છે તેને શૈક્ષણિક અને અન્ય કૌશલ્યનો વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે તો બાળક સરળતાથી શીખી શકે છે.વિધાથીઓને પાઠ્યપુસ્તકના જ્ઞાન સિવાય પણ પણ તેની કલા,રૂચિ,રમત-ગમતના ક્ષેત્રોમાં પણ વિકાસ કરવામાં આવે છે.શિક્ષણનીતિમા માત્ર વિધાર્થીઓના માર્કસને બદલે તેમાં સર્વાંગી વિકાસ ધ્યાનમાં રાખ્યો છે.nep-2020ના નિર્ણયમા જે વિધાર્થીઓએ ગેપ લિધેલ હોય તે વિધાર્થી ત્યાંથી જ ચાલુ કરી શકે છે.શિક્ષકોને પણ સતત તાલીમ લેવામાં આવે છે.

પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો પાયો

પ્રાચીન શિક્ષણ નીતિમા માત્રને માત્ર વિષયો અને પાઠ્યપુસ્તકીય જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વિષયને મહત્વ આપવામાં આવતું હતું.માત્રને માત્ર અંગ્રેજી શિક્ષણને પ્રાધાન્ય અપાતુ હતું.શિક્ષકોને પણ તેમાં સતત પ્રોફેશનલ ડેવલપમેન્ટ રાખવામાં આવે છે.તેમની શૈક્ષણિક જગતમાં વારંવાર તાલીમ લેવામાં આવે છે.પ્રાચીન શિક્ષણ નીતિમા રટણની જીના દ્વારા વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી કે ભયનું સામનો કરવો પડતો હતો. અને નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીઓને પોતાના રસ મુજબ વિષયો પસંદગી કરવાની છૂટ આપવામાં આવી તેના દ્વારા વિદ્યાર્થીઓ તણાવ મુક્ત થાય છે

શિક્ષણ નીતિ માં આવતા બદલાવ:

1968 ની શિક્ષણનીતિમાં શિક્ષણમાં સમાનતા, તેનું શિક્ષણ નું માળખું 10+2 રહ્યું હતું. તેમાં વિજ્ઞાન અને ગણિત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો અને સ્ત્રી શિક્ષણમાં પ્રોત્સાહન અપાયું હતું. 2020 ની નવી શિક્ષણનીતિમાં મોટા પ્રમાણમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેમાં બાળકોના 85% માનસિક વિકાસ પાંચ વર્ષની ઉંમર સુધીમાં અપાશે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે તેને તેની રુચિ અને તેની કલા ઉપર પણ ધ્યાન દેવામાં આવશે. વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકન માટે (પરખ) નાના બે રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર આવ્યું છે અને વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપમાં પણ વધારો કરવામાં આવશે જેથી વિદ્યાર્થી કોઈપણ મુશ્કેલી અનુભવતું નથી. Stem અને steam એટલે પહેલા માત્ર આર્ટસ, કોમર્સ અને સાયન્સની જ પસંદગી કરી શકતું પરંતુ હવે એવું નથી વિદ્યાર્થી પોતાના મનગમતા વિષય પર અભ્યાસ કરી શકશે. તેના માટે એકેડેમી ઓફ ક્રેડિટ ની યોજના લાગુ પાડવામાં આવી છે.

ટેકનોલોજી અને ડિજિટલ

AIનો વ્યાપ દિવસે ને દિવસે વધે છે જ્યારે ઉચ્ચ શિક્ષણમાં ઇજનેરી, સાયન્સમા વિદ્યાર્થીઓને AI નો અલગથી કોર્સ ભણાવવામાં આવે છે અને હવેના વર્ષોમાં ધોરણ 11 અને 12 ના વિદ્યાર્થીને AI વિષયનું નામ ફાઉન્ડેશન એન્ડ મેથડ્સ ઓફ AI કરવામાં આવશે. નવી શિક્ષણનીતિમાં ઇ ક્રેડિટ નો ઉપયોગ પણ વધશે અને વિદ્યાર્થીઓ માટે

 ISSN: 2349-6002

ડિજિટલ સાક્ષરતા તેમાં નવા વિચારો અને કોમ્પ્યુટર પ્રોગ્રામી જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. શિક્ષણનીતિમાં પંચકોસ સિદ્ધાંત જેમાં શારીરિક ,માનસિક, બૌદ્ધિક ભાવાત્મક અને આધ્યાત્મિક વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

નવી શિક્ષણ નીતિ દ્વારા વિદેશમાં થતી અસર

નવી શિક્ષણનીતિ વિદેશની ટોચ યુનિવર્સિટી ને ભારત સાથે જોડાણ કરવાની મંજૂરી આપી છે જેમના દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી તે સંસ્થામાં અભ્યાસ કરી શકે છે. હવે વિદ્યાર્થી વિદેશની યુનિવર્સિટીમાં સરળતાથી અભ્યાસ કરી શકશે. વિદેશી સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થી આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરે અને વિદેશમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીને વૈશ્વિક સ્તરની ભાષામાં નીપુણતા ધરાવે છે. તેને અલગ સંસ્કૃતિનો ખ્યાલ આવે છે. ત્યારબાદ વિદેશી અભ્યાસ દ્વારા વિદ્યાર્થી સ્વતંત્ર નિર્ણય લેતા થાય સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા શીખે છે.

શિક્ષણ નીતિમા આવતા બદલાવની તુલના

| મુદ્દાઓ | ઈ.સ 1968 | ઈ.સ 2020 |
|---|---|---|
| શાળા માળખું | 10+2 | 5+3+3+4 |
| ECCE(ઉંમર) | સ્પષ્ટ નહોતું | 3થી 6 વર્ષ ફરજિયાત |
| માતૃભાષા | ભલામણ સુધી | ધોરણ 5 થી 8 |
| મૂલ્યાંકન | યાદશક્તિ | હોલીસ્ટિક |
| બોર્ડ પરીક્ષા | ઊંચા દબાણ | વધારે વિકલ્પો |
| ડિગ્રી માળખું | 3 વર્ષ | Multiple-choice |
| ડિજિટલ શિક્ષણ | વપરાશ નહોતો | Diksha, swayam |
| વિદેશી યુનિવર્સિટી | જોગવાઈ ન હતી | પ્રવેશ મંજૂરી |

Nep-2020ના સંદર્ભમાં વર્તમાન સમયની પરિસ્થિતિ: શિક્ષણનીતિમાં આવતા ફેરફારો દ્વારા વિદ્યાર્થીઓનું માનસ પર ઘણી અસર સારી જોવા મળે છે. શિક્ષણની પદ્ધતિમાં થતા ફેરફારો જોયા છે અને માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પરંતુ બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેને ધ્યાનમાં રાખીને શિક્ષણનીતિ અમલમાં આવી છે. નવી શિક્ષણનીતિથી શિક્ષકો માટે જવાબદારી નું કદ વધી ગયું છે. Nep-2020 દ્વારા સામાજિક રીતના જોઈએ તો ગ્રામ્ય અને શહેરી શિક્ષણમાં સમાનતા લાવવામાં આવશે જેથી શહેરમાં રહેતું વિદ્યાર્થી તેટલી જ શિક્ષણની મળતી યોજનાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ લઈ શકશે. જ્યારે વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે રોજગાર વચ્ચે સંબંધ બાંધી શકે એટલે કે વિદ્યાર્થી ભણતા ભણતા જ તેનું કામ જાતે જ કરતું થાય છે. ભારતમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ શિક્ષણ મેળવી શકે તેથી ભારતને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર બનાવવાનું પ્રયાસ કરવામાં આવે છે જેથી ભારતમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી સહેલાઈથી વૈશ્વિક સ્તરની શિક્ષણ ભારતમાં જ લઈ શકે. વિદ્યાર્થીઓને ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવામાં આવશે જેમાં AI અને ICT નો ઉપયોગ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં રહેલ બૌદ્ધિક, માનસિક કે શારીરિક વિકાસ પર ભાર મૂકે છે. જ્યારે વિદ્યાર્થીઓમાં રહેલા ગુણો જ નહીં પરંતુ તેનો વ્યક્તિત્વનો વિકાસ કરવામાં આવે છે.

**સમાપન**

Nep-2020 નવી શિક્ષણનીતિ દ્વારા વિદ્યાર્થી તણાવ મુક્ત બને અને વિદ્યાર્થીના રસનો વિષય લેવામાં આવે તો

 ISSN: 2349-6002

વિદ્યાર્થી તેમની અંદર રહેલ કલા કૌશલ્યને દર્શાવી શકે છે જેથી વિદ્યાર્થી પોતાને ભય મુક્ત અનુભવે છે. જ્યારે શિક્ષકોમાં સતત તાલીમ આપવામાં આવે અને શિક્ષકોની જવાબદારીમા વધારો થાય છે. નવી શિક્ષણનીતિ 29 જુલાઈ 2020 ના રોજ જાહેર થઈ જેના અધ્યક્ષ ડો. કે કસ્તુરીરંગન હતા. તેને શિક્ષણનીતિમાં ઘણા ફેરફારો કર્યા છે જેમાં માતૃભાષાને પ્રાધાન્ય, વિદેશી યુનિવર્સિટીને ભારતમાં પ્રવેશની મંજૂરી, multiply entry-exit, ક્રેડિટ ટ્રાન્સફર, સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન, વિદ્યાર્થીમાં વિચાર શક્તિ માં થતો વધારો અને સર્જનાત્મકતામાં થતો વધારો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સંદર્ભ સૂચિ


[1] educationparipatr.com
[2] opinion magazine
[3] education.gov.in
[4] kapilghosiya.in